ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં માવઠાથી ત્રેવડી ઋતુનો અનુભવ

**કોરોનાના કહેરમાં ઠંડી ગરમી અને વરસાદથી મોસમ કલરફુલ : નગરમાં ઠંડી -ગરમીની સાથે વરસાદની પણ એન્ટ્રી : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૪ ડીગ્રીનો તફાવત : વાતાવરણ પલ્ટાની વિચિત્ર અસરથી ઠંડીનો પારો ૫ ડીગ્રી ગગડયો જયારે મહત્તમ તાપમાન ૧૦ ડીગ્રી નીચે આવ્યુ : ભેજનુ પ્રમાણ વધવાની સાથે નગરજનોએ બફારો અનુભવ્યો**





ગાંધીનગર તા ૧૧

શહેરમાં ઠંડી ગરમીની બેવડી ઋતુની અસર વચ્ચે ગઈકાલે મોડી સાંજે શિયાળામાં ઠંડી નિખરવાના બદલે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયા હતા. નાટયાત્મક વાતાવરણ પલ્ટા વચ્ચે રાત્રિના સમયે વરસાદી છાંટણાના ભીંજારા વચ્ચે ઠંડક પ્રસરી હતી સવારે પણ આકાશી નઝારો બદલાયેલો રહ્યો હતો. વરસાદના લીધે શિયાળાની કડકડતી ઠંડીના દિવસોમાં આભમાં અષાઢી નઝારો નિખર્યો હતો. દિવસ દરમિયાન વાદળોની લુપાછુપી વચ્ચે મોસમનો મિજાજ હીલ સ્ટેશનને અનુરૂપ જોવા મળ્યો હતો. વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ફેરફાર નોંધાયો હતો. ઠંડીનો પારો ૪ ડીગ્રી ગગડી ૧૯.૫ ડીગ્રી પહોંચ્યો હતો જયારે મહત્તમ તાપમાન પણ ૧૦ ડીગ્રી નીચે આવ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ચાર ડીગ્રીનો જ તફાવત જોવા મળ્યો હતો.

શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનો પારો ઠંડો પડી ગયો છે. અલબત્તા લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીની આસપાસ રહેતા વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. બીજીતરફ ઠંડી ગરમીના અહેસાસ વચ્ચે ગઈકાલે મોડી સાંજે આકાશી નઝારો પણ બદલાયો હતો આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવતા મોસમનો મિજાજ ગમે ત્યારે બદલાશે તેવો સ્પષ્ટ અણસાર આવતો હતો. સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં ગઈકાલે વરસાદી ઝાપટાના લીધે ભર શિયાળે અષાઢી માહોલ જોવા મળ્યો હતો. જયારે ગઈકાલના વાતાવરણ પલ્ટાના લીધે માડી રાત્રે શહેરમાં વરસાદી વાયરો ફુંકાયો

● અનુસંધાન પાન-૭ પર

## આજે પણ વરસાદની સંભાવના

**૧૬મી ડિસે. સુધી મહત્તમ તાપમાન ૩૩-૩૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી રહેવાની સંભાવના**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે પણ વરસાદી માહોલ છવાયેલો રહેવાની સંભાવના છે. જો કે ૧૬મી ડિસેમ્બર સુધી આકાશ અંશતઃ વાદળછાયુથી ચોખ્ખુ રહેવાની સંભાવના છે.

આ આગાહી દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન વિભાગ દ્વારા કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૭૨ માં હવામાન અંગેના પૂર્વાનુમાન જણાવાયુ છે. ૧૨ થી ૧૬ ડિસેમ્બર દરમ્યાન હવામાનનું પૂર્વાનુમાન કરવામાં આવ્યુ છે. આ પૂર્વાનુમાનમાં જણાવ્યા મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ અંશતઃ વાદળછાયુથી ચોખ્ખુ રહેવાની સંભાવના છે અને ૧૨મીએ હળવો વરસાદ પડવાની શક્યતા છે. મહત્તમ તાપમાન ૩૩-૩૫ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૯ થી ૫૩ ટકા વચ્ચે રહેવાની સંભાવના પણ આ પૂર્વાનુમાનમાં વ્યક્ત કરાઈ છે. પવનની સરેરાશ ગતિ ૬ થી ૧૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા પણ વ્યક્ત કરાઈ છે. આમ હજુ ૧૬મી સુધી વેવડી ઋતુનો અહેસાસ થશે તેમ મનાઈ રહ્યુ છે.

# જિલ્લામાં બટાટાનું વિક્રમસર્જક વાવેતર

**રવિસીઝનનું ૯૦ ટકા વાવેતર સંપન્ન થયુ : ચણા, તમાકુ, વરિયાળી અને ઘઉંનું વાવેતર થયુ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આ વખતે બટાટાની ખેતીએ નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. રવિ સીઝનનો મુખ્ય પાક ગણાતા શાકભાજીના રાજા તરીકે ઓળખાતા બટાટાની ખેતી ૧૧,૨૨૬ હેક્ટરમાં થવા પામી છે.

જિલ્લામાં ગત સિઝનમાં ૮૫૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર થયુ હતુ. જો કે આ વખતે શરૂઆતમાં બિયારણ મોંઘુ હતુ પરંતુ ક્રમશઃ તેમાં ઘટાડો શરૂ થયો હતો. આ સાથે તેની ખેતીમાં ખેડૂતોએ સારો રસ દાખવ્યો અને આ વખતે વિક્રમી વાવેતર જિલ્લામાં થયુ છે.

દહેગામ તાલુકામાં ૪ હજાર હેક્ટરથી વધારે ગાંધીનગરમાં ૪૪૦૦ હેક્ટરથી વધારે તો માણસામાં ૨૬૦૦થી વધારે હેક્ટરમાં અને કલોલમાં ૬૨ હેક્ટરમાં બટાટાની ખેતી સંપન્ન થઈ હોવાનું જાણવા મળેલ છે.

રવિ સીઝનનું વાવેતર જિલ્લામાં ૯૦ ટકાએ પહોંચ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૪,૪૦૭ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે. જેમાં માણસામાં ૨૦,૯૫૬ હેક્ટર, કલોલમાં ૭૮૫૩ હેક્ટરમાં, ગાંધીનગરમાં ૧૭,૮૫૫ હેક્ટરમાં અને કલોલમાં ૧૭,૭૪૩ હેક્ટરમાં વાવેતર સંપન્ન થયુ છે.

જિલ્લામાં બટાટા પછી ઘઉંનું વાવેતર પણ વધી રહ્યુ છે. જિલ્લામાં ઘઉંનું વાવેતર ૨૦,૭૮૧ હેક્ટરમાં થયુ છે. કપાસ અને મગફળીના પાકને કારણે અને શ્રમિકોની અછતને કારણે વાવેતર ઘઉંનું થોડુક વિલંબમાં પડ્યુ છે. જો કે સરેરાશ વાવેતર ૨૬ થી ૨૭ હજાર હેક્ટર સુધી આ સપ્તાહમાં પહોંચી જશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ચણાનું વાવેતર ૯૫૦ હેક્ટરમાં, રાઈનું વાવેતર ૭૯૭ હેક્ટરમાં, તમાકુનું વાવેતર ૪૦૦૪ હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં ધાણાનું વાવેતર ૧૯ હેક્ટરમાં અને જીરૂનું વાવેતર પાંચ હેક્ટરમાં થયુ છે. વરિયાળીનું વાવેતર ૧૦૧૮ હેક્ટરમાં તો શાકભાજીના પાકોના ૭૪૪૨ હેક્ટરમાં અને ઘાસચારાનું વાવેતર ૧૮,૧૪૮ હેક્ટરમાં થયુ છે.

જિલ્લામાં રવિ સીઝનનું સરેરાશ વાવેતર ૭૦ થી ૭૨ હજાર હેક્ટર વિસ્તારમાં થતુ હોય છે. આમ અત્યાર સુધીમાં નેવુ ટકા જેટલુ વાવેતર સંપન્ન થયુ છે.

# અચાનક જ વરસાદ વરસતા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી અટવાઈ

**વરસાદમાં ડામર રસ્તાઓનુ કામ થઇ શકે તેમ ન હોવાથી રીસરફેસીંગના કામો અટવાયા**

ગાંધીનગર તા ૧૧

શહેરમાં શિયાળાની આકરી ઠંડીના દિવસોમાં અચાનક વરસાદ ખાબકતા જનજીવન પર વિપરિત અસર જોવા મળી રહી છે. ગઈકાલ રાતથી વરસાદ શરૂ થતા શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી પણ અટવાઈ છે. વરસાદમાં ડામર માર્ગાના કામો થઈ શકે નહીં તે મુજબ હાલ વરસાદ વરસતા સેકટરોના આંતરિક માર્ગો પર હાથ ધરાયેલી માર્ગ સુધારણાની કામગીરી બંધ કરી દેવામાં આવી છે. ટુંકમાં વાતાવરણ ચોખ્ખુ થતા કામ પુનઃ શરૂ કરાશે

સામાન્ય રીતે વરસાદી દિવસોમાં ડામર માર્ગોના કામ બંધ કરી દેવામાં આવે છે. ચોમાસાના ચાર મહીના દરમિયાન શહેરમાં પણ માર્ગ નિર્માણની કામગીરી પર બ્રેક વાગી જાય છે. જુન મહીનાથી નવરાત સુધી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવતી નથી. વરસાદી વાતાવરણમાં ડામર માર્ગ પર યોગ્ય રીતે ચોંટતો નથી અને ડામર અને પાણીને આમ પણ આડવેર હોય છે. જેના લીધે ચોમાસા દરમિયાન ડામર માર્ગોની સુધારણાનુ કામ બંધ રાખવામાં આવે છે. આ વર્ષે આમ પણ કોરોનાના લીધે માર્ગ સુધારણાનુ કામ વિલંબમાં પડયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાને મ્હાત કરવા મજબુત મનોબળ જરૂરી છે : સતર્ક રહો...સાવચેતી રાખો

**૩૫ દિવસ સુધી બાયપેપ અને ઓક્સીજન પર રહેલા દહેગામના ૬૧ વર્ષીય અતુલ શાહને હોસ્પિટલમાંથી રજા અપાઈ**

ગાંધીનગર, તા. ૧૧

કોરોનાને મ્હાત કરવા માટે મનોબળ મજબુત રાખજો... ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખુબ જ સુંદર સેવાઓ કોરોનાના દર્દીઓની થાય છે આ શબ્દો ૩૫ દિવસ સુધી ઓક્સીજન પર રહી અને ડિસ્ચાર્જ મેળવનાર દર્દીના છે.

દહેગામના ૬૧ વર્ષીય અતુલભાઈ શાહને કોરોના થતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનું ઓક્સીજન લેવલ ઘટી જતાં બાયપેપ પર મુકવામાં આવ્યા હતા.

૨૫ દિવસ સુધી બાયપેપ પર રહી અને તેમણે કોરોના સામે યુદ્ધ લડ્યુ હતુ. આ પછી ૧૦ દિવસ એન.આર.બી.એમ. પર રહ્યા હતા. ત્યારબાદ આઈ.સી.યુ.માં શિફ્ટ કરાયા હતા. તેઓ સંપૂર્ણ સ્વસ્થ થતાં તેમને રજા આપવામાં આવી હતી.

હોસ્પિટલ છોડતાં છોડતાં તેમણે તેમની કાળજી લેનાર તમામ તબીબો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે તેમને સંપૂર્ણ નવજીવન મળ્યુ છે. સિવિલ હોસ્પિટલની ટીમે તેમની જે કાળજી લીધી હતી તે અવર્ણનીય છે ટીમની કાળજી અને તેમના મજબુત મનોબળ થકી આ જંગમાં કોરોનાને મહાત કરવામાં તેઓ સફળ રહ્યા હતા.

કોરોના માટે સાવચેતી રાખવા માટે સરકારની ગાઈડલાઈનનું ચુસ્તતાથી પાલન કરવા તેમણે સૌને અપીલ કરી છે. તેમણે કહ્યુ કે સતર્ક રહો... સાવચેત રહો અને ગાઈડલાઈનનું પાલન કરો તો કોરોના નહિ થાય.

કોરોના સામેનો જંગ લડવા માટે મજબુત મનોબળ પણ જરૂરી છે. હિંમત સાથે સામનો કરવો પડે છે. બાયપેપ પરના દિવસોમાં તબીબોની ટીમે તેમને પુરતુ મનોબળ પુરૂ પાડ્યુ હતુ અને હિંમત વધે તે માટેના તમામ પ્રયાસો કર્યા હતા.

તેમણે તબીબોની ટીમની સેવાઓને બિરદાવી હતી. તેમણે કહ્યુ કે જે કંઈ મારી સાથે બની ગયુ તે શબ્દોમાં કહેવુ અઘરૂ છે પરંતુ સતર્ક રહો સાવચેત રહો... માસ્ક અવશ્ય પહેરો...

**બાયપેપ પરના દિવસોમાં તબીબોની ટીમે તેમને પુરતુ મનોબળ પુરૂ પાડ્યુ હતુ અને હિંમત વધે તે માટેના તમામ પ્રયાસો કર્યા હતા**

# ગ્રામીણ વિસ્તારમાં કોરોના બેખોફ બન્યો !

**શહેરમાં ૮ મહિલાઓ સહિત ૨૧ કેસ નોંધાયા : ગાંધીનગર તાલુકાના કુડાસણમાં ૭ અને અડાલજમાં ૬ કેસ સહિત ૧૭ કેસ, કલોલમાં નવ કેસ, માણસામાં ૪ કેસ, દહેગામમાં પાંચ કેસ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૫૬ કેસ નોંધાયા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૭૩૩૨ થઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેખોફ બન્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩૫ કેસ નોંધાયા છે જ્યારે ગાંધીનગર શહેરમાં વધુ ૨૧ કેસ નોંધાયા છે.

ગ્રામીણ વિસ્તારમાં સંક્રમણના કેસો સતત વધી રહ્યા છે. શહેરમાં ૪ દિવસના ઘટાડા બાદ આજે કેસોની સંખ્યા ૨૧ પર પહોંચી છે. કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતારને કારણે તંત્રની ચિંતા વધી છે.

જિલ્લામાં મહિલા દર્દી અને મોટીવયના દર્દીઓ જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ પણ તંત્રની ચિંતા વધી છે. જિલ્લાના કુડાસણ ગામેથી ૬ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો માણસા અર્બનમાં ૧૨,૧૫ અને ૧૬ વર્ષના કિશોરોનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૩૫ કેસોમાં ૧૭ કેસ ગાંધીનગર તાલુકાના છે, દહેગામના પાંચ કેસ, માણસામાં ૪ કેસ અને કલોલ તાલુકામાં નવ કેસ નોંધાયા છે.

ગાંધીનગર અને કલોલ તાલુકામાં કોરોના વધુ એકવાર તેનો પ્રકોપ પ્રસારી રહ્યો છે. દહેગામ અને માણસા તાલુકામાં કોરોનાની ગતિ થોડીક ધીમી પડી છે.

ગાંધીનગર તાલુકાના વાવોલ ગામેથી ૨ કેસ, અડાલજ ગામેથી ૬ કેસ તો કુડાસણમાંથી ૭ કેસ નોંધાતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

લવારપુર અને રાયસણ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

દહેગામમાં અર્બન વિસ્તારમાંથી એક કેસ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં બારિયા, દેવકરણના મુવાડા, પન્નાના મુવાડા અને નાંદોલ ગામેથી કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે ૪ કેસ નોંધાયા છે. જેમાં મહુડીમાંથી એક અને માણસા અર્બનમાંથી ત્રણ ટીનેજર્સ યુવાનો કોરોનાની ઝપટે ચડ્યા છે.

કલોલમાં કોરોનાએ તેનો પુનઃ પ્રકોપ દેખાડ્યો છે. કલોલમાં કોરોનાના કેસો પુનઃ વધવાના શરૂ થતાં તંત્રએ વધુ સતર્ક થઈ અને સઘન સર્વેલન્સ તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના પગલાંઓના કડક અમલીકરણ માટેની સૂચનાઓ જારી કરી છે.

કલોલ તાલુકાના છત્રાલ, નાંદોલી અને સઈજ ગામેથી કેસો મળ્યા છે. આ ઉપરાંત અર્બન-૧ વિસ્તારમાંથી પાંચ કેસ મળી આવ્યા છે જયારે અર્બન-૨ વિસ્તારમાંથી એક કેસ મળી આવેલ છે.

તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આજે ૬ જેટલા દર્દીઓને સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે વધુ ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધી નોંધાયેલા કેસો પૈકી ૩૧૬૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૨૩૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૧૧,૭૫૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

શહેરમાં આજે ૪ દિવસના કેસોના ઘટાડા પછી કોરોનાના દર્દીઓની સંખ્યા ૨૧ પર પહોંચી છે. તંત્રએ અત્યંત સતર્કતા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી અને સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. શહેરમાં આજે નોંધાયેલા ૨૧ કેસમાં ૮ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. સંક્રમિત થનારાઓમાં શિક્ષિકા, માર્કેટીંગ એક્ઝીક્યુટીવ, એડવોકેટ, જીમ ટ્રેઈનર, બેંક ઓફ બરોડાનો કર્મયોગી સહિતના લોકોનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૬ માંથી ૩ કેસ, ઉપરાંત સે. ૨, ૨૬, ૨૭, ૨૯ અને સે. ૩ માંથી ૨-૨ કેસ નોંધાયા છે. તેમજ સે. ૨૧, ૩૦, ૧૨, ૧૩, ૧૭, ૫, ૧૬ અને સે. ૨૫ માંથી પણ કેસો મળી આવ્યા છે.

આજે નોંધાયેલા ૨૧ કેસમાં ૧ દર્દીને એસ.ટી.સી. કોવિડ કેર સેન્ટરમાં તો ૬ ને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ૮ જેટલા દર્દીઓ મોટી વયના આજે સંક્રમિત થયા છે. સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આજે વધુ ૩૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૮૮ ટકા જેટલો નોંધાયો છે. રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં હાલ ૨૨૫ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

૧૫૭ કાઉન્ટર સાથે જીલ્લામાં એન્જિનીયર, બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

કપચી-ગ્રીટ મેટલ

વડાગામ યુનિટ દ્વારા ઉત્પાદિત

BIRLA TMT STEEL

પ્રીમીયમ બ્રાન્ડ

હંમેશા એક કદમ આગે

Steel Tiger Award Winner

Build the Trust

Since 1983

કૈલાસ ટ્રેડર્સ (લોદરાવાળા)

UltraTech CEMENT

The Engineer's Choice

૯૮૨૪૨ ૬૧૨૨૫, ૯૮૨૫૦ ૫૧૬૭૫

ગોડાઉન : ખ-૨ ચોકડી, સેક્ટર-૪/સી કોર્નર, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૦૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT

Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS

Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :

સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.

મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com